ગાંધીનગર સમાચાર

**શહેરી ગામોમાં આગામી અઢી દાયકાને ધ્યાને લઇ પાણી વ્યવસ્થા અપગ્રેડ કરાશે**



વડીલો પહોંચ્યા બેંક - નોટીબંધીના પગલે શુક્રવારે રિઝર્વ બેંક દ્વારા જાહેર કરાયા મુજબ શનિવારે વરિષ્ઠ નાગરિકો માટે નોટોની ફેરબદલી માટે વહેલી સવારથી જ વડીલો બેંક પર પહોંચ્યા હતા... નોટોની ફેરબદલી ઓછી પરંતુ લેવડદેવડ વધારે હતી એવું શહેરના બેંક વર્તુળોમાંથી જાણવા મળે છે... પેન્શન, પી.એફ.માંથી ઉપાડવાની અથવા તો બચતની રકમ જમા કરાવવા ઉત્સાહપૂર્વક વરિષ્ઠ નાગરિકો બેંક પર પહોંચ્યા હતા... જો કે બપોર બાદ લાઈનો પણ નજરે પડતી નહોતી...

# મનપાની સભામાં જ ભાજપના નેતાઓનું તું તું મેં મેં...

## કોંગ્રેસ સ્તબ્ધ : સામાન્ય સભા પછી મેયરની ચેમ્બરમાં પણ વાકયુદ્ધ જામ્યુ : શહેર પ્રમુખ દોડી મનપા પહોંચ્યા

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગરપાલિકાની આજની સામાન્ય સભામાં ભાજપની જૂથબંધી બહાર આવી ગઈ હતી અને નેતાઓ વચ્ચે તુ તુ મૈં મૈં...નો નજારો જોઈ કોંગ્રેસ સ્તબ્ધ થઈ ગઈ હતી.

મેયર પ્રવિણ પટેલના અધ્યક્ષપદે મળેલ સામાન્ય સભામાં આજે ભાજપના નીતિન પટેલ, કાર્તિક પટેલ, નાઝાભાઈ અને સ્થાયી સમિતિના ચેરમેન મનુભાઈ પટેલ સામ સામે આવી ગયા હતા. બન્ને બાજુથી સભ્યોએ ભાષાનો વિવેક ગુમાવી દીધો હતો. એક તબક્કે તો મેયર પ્રવિણ પટેલે સભ્યોને ટપારતાં કહ્યું હતુ કે તમે વહીવટીય નિર્ણયના હિસ્સેદાર છો અને આ પ્લેટફોર્મ પરથી આ ભાષામાં વાત કરવી યોગ્ય નથી સંયમ રાખો એમાં સૌનું શાણપણ છે.

બાંધકામ શાખાના એક ટેન્ડરની જાહેરાતમાં મનપાની વેબસાઈટનો કેમ ઉલ્લેખ નથી કરાયો? જે એજન્સીને ઈ-ટેન્ડરીંગની એડ આપવામાં આવી છે તેમાં પણ શરતો વાંચવા માટે ફી ભરવી પડે છે. આ બધી વાતને લઈ આજે ભાજપના સભ્યોએ જ ટેન્ડરીંગમાં કંઈક કાચુ હોવાની શંકા વ્યક્ત જાહેરમાં કરી હતી.

આ પછી સ્થાયી સમિતિના ચેમરેન મનુભાઈ પટેલે બધુ બરાબર હોવાનું જણાવ્યું હતું. કાર્તિક પટેલે સ્થાયી સમિતિએ કરેલા ઠરાવ પછી પણ વેબસાઈટ પર જાહેરાત ન મુકતા અધિકારીઓ સામે શિસ્ત વિષયક પગલાં લેવા જોઈએ તેવી માંગ કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# ૪.૫૦ લાખ બાળકોના આરોગ્યની ચકાસણી માટે જિલ્લામાં ૭૫થી વધુ ટીમો

## ગત વર્ષે જિલ્લામાં ૭૨ બાળકો હૃદયની બિમારી અને ૧૧ બાળકો કિડનીની બિમારી ધરાવતા મળ્યા હતા

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં ૨૧મીથી શરૂ થઈ રહેલા શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમમાં ૪.૫૦ લાખ જેટલા બાળકોના આરોગ્ય ચકાસવામાં આવશે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ૩.૯૬ લાખ બાળકોને ચકાસવા માટે ૬૫ જેટલી ટીમો બનાવવામાં આવી છે. જ્યારે શહેરના ૬૬ હજાર જેટલા બાળકોને ચકાસવા માટે ૧૦ જેટલી ટીમો બનાવવામાં આવી છે.

૧૯૯૫થી અમલમાં મુકાયેલ શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ સરકારનો અને વિભાગનો અતિ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે. આ પ્રોજેક્ટને રાજ્યના મુખ્યમંત્રી રૂપાણી સોમવારે જીએમઈ આરએસના હોલમાં આરોગ્યમંત્રીના હસ્તે ખુલ્લો મુકશે. જિલ્લામાં ગત વર્ષે હૃદય કિડની કેન્સર તેમજ અન્ય રોગ ધરાવતા ૮૭ બાળકો મળ્યા હતા. જેમાં હૃદયની બિમારી ધરાવતા ૭૨, કિડનીની બિમારી ધરાવતા ૧૧ બાળકો અને અન્ય રોગના ૪ બાળકો મળી આવ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# શાહપુર-લવારપુર માર્ગને ફોરલેન કરવા દરખાસ્ત

ગાંધીનગર તા ૧૯

શાહપુર લવારપુર માર્ગને ફોરલેન કરવા માટે તંત્ર દ્વારા માર્ગ મકાન વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૧૮ કરોડનો ખર્ચ થાય તેમ છે. આ માર્ગ હાલ ૭ મીટર પહોળો છે. ગિફટ સિટીને જોડતા આ માર્ગને ફોરલેન કરવાથી વાહનવ્યવ્હાર વધુ સરળ બનશે. દરખાસ્તને મંજુરી અપાયા બાદ કામ હાથ ધરાશે.

બિઝનેસ હબ તરીકે ઉભરતા ગિફટ સિટીને જોડવા માટે રસ્તાના વિવિધ કામો હાથ ધરવા આયોજન કરવામાં આવી રહયુ છે. જેમાં ગિફટ સિટીને જોડતા સિગ્નેચર બ્રિજના કામ બાદ શાહપુર લવારપુર માર્ગને ફોરલેન કરવા માટે પણ તંત્ર દ્વારા દરખાસ્ત કરવામાં આવી છે. તંત્ર દ્વારા આ માર્ગને ફોરલેન બનાવવાની કાર્યયોજના તૈયાર કરી દેવાઈ છે.

● અનુસંધાન પાન-૭ પર




# શહેરી ગામોમાં આગામી અઢી દાયકાને ધ્યાને લઇ પાણી વ્યવસ્થા અપગ્રેડ કરાશે

## શહેરી વિસ્તારના પાંચ ગામોમાં પાણીના નવા બોર બનાવાયા બાદ હવે અન્ડર ગ્રાઉન્ડ સંપ તેમજ ટાંકી પણ બનશે

ગાંધીનગર તા ૧૯

શહેરી વિસ્તારના ગામોમાં પાણીની જરૂરિયાત સંતોષવા માટે આગામી અઢી દાયકાને ધ્યાને લઇ તંત્ર દ્વારા આયોજન કરવામાં આવ્યુ હોવાનુ જણાંવાયુ છે. હાલ શહેરી વિસ્તારના ચાર ગામોમાં પાણીનો બોર બનાવાની કામગીરી પુર્ણ કરી દેવાઇ છે. જયારે બીજા તબક્કામાં અન્ડર ગ્રાઉન્ડસંપ અને ઓવરહેડ ટાંકીનુ પણ નિર્માણ કરવામાં આવશે. બોરીજમાં નવો બોર બનાવાનુ કામ ટુંકમાં શરૂ કરી દેવાશે. જયારે આગામી ઉનાળા સુધીમાં ગામોમાં નવી વ્યવસ્થા મુજબ ફોર્સથી પાણી મળી રહેશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

શહેરી વિસ્તારના ગામોમાં દાયકાઓના અંતે પણ માળખાગત સુવિધાઓ ઉભી થઇ શકી ન હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ગટર લાઈન તેમજ રસ્તાનુ કામ પણ હજુ અપુર્ણ છે. જયારે પાણીની પોકારથી પણ સ્થાનિક ગ્રામજનો પરેશાન છે. આવા સંજોગમાં ગ્રામજનોને પુરતા ફોર્સથી પાણી પુરુ પાડવા માટે તંત્ર દ્વારા શેહરી વિસ્તારના પાંચ ગામોમાં નવા બોર બનાવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જો કે આ પૈકી ચાર ગામોમાં પાણીના નવા બોર બનાવી દેવાયા છે.જયારે ટુંકમાં જ બોરીજમાં પણ નવો બોર બનાવાની કામગીરી હાથ ધરવામાં આવશે. નવા બોર બનાવાની યોજના પાછળ અંદાજિત રૂ ૭૫ લાખનો ખર્ચ કરવામાં આવી રહયો છે. જયારે નવા બોરની સાથે અન્ડર ગ્રાઉન્ડ સંપ તેમજ ઓવરહેડ પાણીની ટાંકીનુ પણ નિર્માણ કરવામાં આવશે. પાણીની વ્યવસ્થાને અપગ્રેડ કરવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવશે. સુત્રોના જણાંવ્યા મુજબ શહેરી વિસ્તારના ગામોમાં આગામી ઉનાળાથી નવી વ્યવસ્થા મુજબ ફોર્સથી પાણી મળી રહે તેવુ આયોજન કરવામાં આવશે. જયારે ગામોમાં આગામી અઢી દાયકાને ધ્યાને લઇ પાણીની પોકાર ડામવા માટે આ તૈયારીઓ કરવામાં આવી રહી હોવાનુ પણ જણાંવાયુ છે.

# શહેરના મોટાભાગના એ.ટી.એમ. ખાલીખમ

## ગ્રાહકોને ધરમ ધક્કા : પૈસા મળતા નથી

ગાંધીનગર તા ૧૯

શહેરની બેંકોમાં આજે પણ કતારો જોવા મળી હતી. જયારે નોટો બદલાવવા માટેની સીમા માત્ર રૂ ૨ હજાર કરી દેવાઇ છે. ત્યારે આજે સિનિયર સિટીઝનો માટે ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. પરંતુ એ ટી એમ હજુ પણ શોભાના ગાંઠીયા સમાન હોવાથી આમ નાગરિકોની પરેશાનીનો અંત આવ્યો નથી. શહેરના મોટાભાગના એ ટી એમ આજે પણ કેશલેસ હાલતમાં હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. બેંકો પાસે નવી નોટોની અછત વચ્ચે એ ટી એમ પણ ખાલી હોવાથી નાગરિકોની પરેશાનીમાં વધારો થયો છે. હજાર અને પાંચસોની ચલણી નોટો બંધ થયા બાદ ૧૦ દિવસના અંતે આમ નાગરિકોની પરેશાનીમાં દિનપ્રતિદિન વધારો થતો જાય છે. રોજબરોજ કતારમાં ઉભા રહેતા આમ નાગરિકને સરકાર દ્વારા જારી થતા ફરમાન મુજબ નોટો બદલી આપવામાં આવે છે. તેમાંય હવે નોટ બદલવાની રકમમાં ઘટાડો કરી માત્ર ૨ હજાર કરી દેવાતા આમ નાગરિકો માટે બેંકના ધક્કા ખાવાનુ મુશ્કેલ અને મોંઘુ બન્યુ છે. બેંકોની લાંબી કતારમાં માંડ વારો આવે અને પૈસા ન હોવાનો જવાબ મળતા આક્રોશ સાથે રોકડ લેવા લાઇનમાં જોતરાયેલા સામાન્ય માણસે વીલા મોંએ પાછા ફરવાનો વારો આવે છે. બીજીતરફ શહેરની બેંકોની જેમ એ ટી એમ માં પણ કેશ ન હોવાના લીધે નાગરિકો પૈસા ઉપાડી શકતા નથી. શહેરની બેંકાના મોટાભાગના એ ટી એમ શોભાના ગાંઠીયા સમાન છે. નાગરિકોએ આજે પણ એ ટી એમમાંથી રોકડ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તેમને પૈસા મળ્યા ન હતા.

# ગિફટ સિટીને જોડતો સિગ્નેચર બ્રિજ હજુ લટકતી હાલતમાં

## રસ્તાનુ જોડાણ મળતુ નથી : અંદાજિત રૂ ૮૦ કરોડના ખર્ચે તૈયાર કરાયેલા બ્રિજને રસ્તાનુ જોડાણ આપવામાં દબાણો અવરોધરૂપ

ગાંધીનગર તા ૧૯

ગિફટ સિટીને જોડતા સિગ્નેચર બ્રીજનુ કામ પુર્ણ થઈ ગયુ છે. છેલ્લા ૬ મહીનાથી બ્રિજનુ કામ પુર્ણ થઇ ગયા બાદ પણ ગિફટ સિટીને જોડતા રસ્તાનુ કામ હાથ ધરી શકાયુ નથી. બ્રિજના એક છેડે દબાણોએ ડેરો જમાવ્યો હોવાથી રૂ ૮૦ કરોડના ખર્ચે તૈયાર કરાયેલ બ્રિજ હજુ લટકતી હાલતમાં હોવાનુ ચિત્ર ઉપસી આવ્યુ છે. બે દિવસ અગાઉ જિલ્લા કલેકટરે પણ આ વિસ્તારની મુલાકાત લઇ સ્થિતિનુ નિરિક્ષણ કર્યુ હતુ. ૧૦૦ મીટરના રસ્તામાં દબાણ પથરાયેલા હોવાથી બ્રિજને જોડતા રસ્તાનુ કામ અટવાયુ છે. આગામી વાઇબ્રન્ટ પુર્વે બ્રિજને જોડાણ કરતા રસ્તાનુ કામ પુર્ણ થશે કે કેમ તેની સામે પણ પ્રશ્નાર્થ મંડરાયો છે.

બિઝનેસ હબ તરીકે ઉભરતા ગિફટ સિટીમાં તોતિંગ ટાવર ઉભા કરવામાં આવી રહયા છે. આર્કષણનુ કેન્દ્ર બનતા ગિફટ સિટીના પ્રોજેકટને ધ્યાને લઇ આસપાસના વિસ્તારમાં જરૂરી રોડનેટવર્કને અપગ્રેડ કરવા માટે પણ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જેમાં ગિફટ સિટીને જોડવા માટે સિગ્નેચર બ્રિજનુ કામ પણ પુર્ણ કરી દેવાયુ છે. આ બ્રિજના નિર્માણ માટે અંદાજિત રૂ ૮૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ બ્રિજમાં કેબલ ફીટ કરવા માટે ચીનથી પણ નિષ્ણાંતોની ટીમ આવી હતી. પરંતુ બ્રિજનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. પરંતુ બ્રિજ તૈયાર કરાયા બાદ ૬ મહીના જેટલા સમયના અંતે પણ બ્રિજને જોડતા રસ્તાનુ ઠેકાણુ પડયુ નથી. બ્રિજને જોડતા રસ્તાના કામમાં દબાણો અડચણરૂપ બન્યા છે. અંદાજિત ૪૬૫ મીટરના આ માર્ગ પર ૧૦૦ મીટરમાં દબાણોનો અડ્ડો છે. બ્રિજ તેમજ રસ્તાને જોડવાના રૂટમાં દબાણો દુર કરવા માટે જિલ્લા કલેકટર કક્ષાએથી પણ જરૂરી નિરિક્ષણ કરવામાં આવી રહયુ છે. દબાણો દુર થાય તો આ ઠેકાણે ટુ લેન રસ્તો બની શકે તેમ હોવાનુ નિરિક્ષણના અંતે ધ્યાને આવ્યુ છે. પરંતુ દબાણોના લીધે કરોડોના ખર્ચે તૈયાર કરાયેલા બ્રિજનુ કામ હજુ સાર્થક થયુ નથી. મોંઘેરા બ્રિજને જોડતો રસ્તો મળ્યો નથી. બીજીતરફ વાઇબ્રન્ટ સમિટ નજીકમાં છે. ત્યારે વર્ષાના અંતે તૈયાર કરાયેલા મહત્વના બ્રિજને રસ્તા સાથે જોડાણ આપવા તંત્ર દ્વારા સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.













Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com